ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૮૩ । વિક્રમ સંવત ૨૦૮૨ : મહા સુદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

ditor : Avesh K Malaviya • Year : 04 • Issue : 183 • Dt.30-01-2026 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, hastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરની દેવરા ટુ બંધ નથી થઈ



P.07


મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાન ફરી કોઈ પ્રોજેક્ટમાં સાથે આવશે

ટ્રમ્પ સરકારે ટેક્સાસમાં એચ-૧બી વિઝા ઉપર પ્રતિબંધ મૂક્યો । ભારતીયોને પડશે મોટો ફટકો

07




30
JANUARY- 2026
FRIDAY



07

ભારતને વધુ એક ગુડ ન્યૂઝ મળશે । ઇયુ બાદ અમેરિકા સાથે 'બિગ ડીલ' ની નજીક પહોંચ્યું

**ગુજરાતમાં 3 વર્ષમાં ૧૦૦૦૦થી વધુ કેસ નોંધાયા**

## વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધી ૨૪૮૪ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં નોંધાયા હતા

# બળાત્કાર, પોક્સોના ૫૦૦૦થી વધુ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં પેન્ડિંગ

## ૧૮ વર્ષ સુધીના બાળકો સાથે જાતીય દુર્વ્યવહાર થાય કે અન્ય કોઈપણ રીતે સતામણી કરાય તેના આરોપીઓ સામે પોક્સો અંતર્ગત કેસ નોંધવામાં આવે છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં બળાત્કાર અને પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) ઍક્ટ હેઠળના પ ાંચ હજારથી વધુ કેસ ચુકાદાની રાહમાં હોવાનું સામે આવ્યું છે. ૧૮ વર્ષ સુધીના બાળકો સાથે જાતીય દુર્વ્યવહાર થાય કે અન્ય કોઈપણ રીતે સતામણી કરાય તેના આરોપીઓ સામે પોક્સો અંતર્ગત કેસ નોંધવામાં આવે છે. બાળકો સામેના આવા અપરાધ ઘટાડવા માટે મોટાપાયે જાગૃતિ ઝુંબેશ ચલાવાય છે તેમ છતાં દર વર્ષે હજ્જારોની સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. લોકસભામાં વિધિ અને ન્યાય મંત્રાલય દ્વારા પોક્સોના ગુજરાતમાં નોંધાયેલા અને નિકાલ કરાયેલા કેસની માહિતી અપાઈ છે. જેના અનુસાર વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધી ૨૪૮૪ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં નોંધાયા હતા, તેમાંથી ૩૦૫૨નો નિકાલ થયો હતો જ્યારે ૫૧૩૫ કેસ પેન્ડિંગ છે. નોંધાતા કેસના પ્રમાણમાં છેલ્લા ૩ વર્ષથી તબક્કાવાર ઘટાડો થઈ રહ્યો છે. ગુજરાતની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં બળાત્કાર અને પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) ઍક્ટ હેઠળના પાંચ હજારથી વધુ કેસ ચુકાદાની રાહમાં હોવાનું સામે આવ્યું છે. ૧૮ વર્ષ સુધીના બાળકો સાથે જાતીય દુર્વ્યવહાર થાય કે અન્ય કોઈપણ રીતે સતામણી કરાય તેના આરોપીઓ સામે પોક્સો અંતર્ગત કેસ નોંધવામાં આવે છે. બાળકો સામેના આવા અપરાધ ઘટાડવા માટે મોટાપાયે જાગૃતિ ઝુંબેશ ચલાવાય છે




ગુજરાતની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં બળાત્કાર અને પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) ઍક્ટ હેઠળના પાંચ હજારથી વધુ કેસ ચુકાદાની રાહમાં હોવાનું સામે આવ્યું છે. ૧૮ વર્ષ સુધીના બાળકો સાથે જાતીય દુર્વ્યવહાર થાય કે અન્ય કોઈપણ રીતે સતામણી કરાય તેના આરોપીઓ સામે પોક્સો અંતર્ગત કેસ નોંધવામાં આવે છે. બાળકો સામેના આવા અપરાધ ઘટાડવા માટે મોટાપાયે જાગૃ તિ ઝુંબેશ ચલાવાય છે તેમ છતાં દર વર્ષે હજ્જારોની સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે.

## પ્લોટનો કુલ એરીયા અંદાજે ૬૮૫૯ ચો.મી છે

# વડોદરા રેલ્વે સ્ટેશનની સામે ઈ-બસ ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવા પાછળ રૂપિયા ૭.૩૬ કરોડનો ખર્ચ : ૧૭ ટકા વધુ રકમ ચૂકવાશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ ।

વડોદરા સયાજીગંજ ખાતે હયાત સીટી બસ સ્ટેશનવાળા ભાગમાં ઈ-બસ ચાર્જીંગ સ્ટેશન બનાવવાના કામે ઈજારદાર એચ.કે.રામાણીનું અંદાજીત રકમ રૂ.૬,૨૯,૪૦,૪૫૮થી ૧૭% વધુ મુજબના રૂ.૭,૩૬,૪૦,૩૩૬ (GST અલગ)ના ટકાવારી ભાવપત્રને મંજુરી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સયાજીગંજમાં આવેલ સયાજીગંજ સીટી બસ સ્ટેન્ડ ખાતે પીએમ ઈ-બસ સેવા ચાલુ કરાવવાના હેતુથી ઈ-ચાર્જીંગ સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. પ્લોટનો કુલ એરીયા અંદાજે ૬૮૫૯ ચો.મી છે. જેમાં પાર્ટ એરીયા ૩૮૪૯ ચો.મી.માં પીએમ ઈ-બસ માટે ચાર્જીંગ સ્ટેશન માટે તથા બાકીનો ૩૦૧૦ ચો.મી.માં બસ સ્ટેશન તરીકે ઉપયોગ થનાર છે. વર્કશોપ શેડ, અંડર ગ્રાઉન્ડ ટેંક, ઈલેક્ટ્રીક રૂમ, આર. સી.સી.રોડ, ડેકોરેટીવ શેડ સહિત રૂ.૭,૮૬,૭૫,૫૭૧ (૧૮% GST ૭% કન્ટીજન્સી સહ)ના અંદાજીત ખર્ચે બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. જેમાં સીવીલ+ઈલેક્ટ્રીકલ+મીકેનીકલ તથા સાઈટ ડેવલોપમેન્ટની કામગીરીનો સમાવેશ કરેલ છે. નેટ અંદાજી રકમ રૂ.૬,૨૯,૪૦,૪૫૮ માટે ભાવપત્ર મંગાવતા ડોક્યુમેન્ટની ચકાસણી કરતા ત્રણ પૈકી બે ઈજારદાર ક્વોલીફાય થયા હતા. સૌથી ઓછા ભાવ ભરનાર ઈજારદાર એચ. કે.રામાનીનું અંદાજીત રકમથી ૧૭% વધુ મુજબ કામગીરી કરવા સંમતિ દર્શાવેલ છે. PM E-BUS સેવા અંતર્ગત ટૂંક સમયમાં ઈલેક્ટીક બસો આવવાની હોઈ કામની અગત્યતા તથા ઉપરોક્ત વિગતો જોતા ભાવપત્ર વ્યાજબી માની લેવામાં આવ્યું છે.


વીજળીના બિલને કરો (0)

Since 2013

Navkalp SOLAR

It's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## સુરેન્દ્રનગરમાં નવા સકટ હાઉસ પાસે દુકાનમાં આગ લાગી

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૯ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે શહેરના નવા સકટ હાઉસ પાસે આવેલ એક જનરલ સ્ટોરની દુકાનમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. સુરેન્દ્રનગર-મુળી રોડ પર આવેલ નવા સકટ હાઉસ પાસે રીંકી જનરલ સ્ટોર નામની દુકાનમાં અચાનક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી. આગમાં સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ બન્યો નહોતો પ રંતુ જનરલ સ્ટોરમાં રહેલ ખાણી પીણી સહિતની ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુકશાન પહોંચ્યું હતુ. આ બનાવની જાણ થતા લોકોના ટોળે ટોળા સ્થળ પર ઉમટી પડયા હતા.જ્યારે પ્રાથમિક તપાસમાં શોટ સકટના કારણે આગ લાગી હોવાનું હાલ અનુમાન સેવાઈ રહ્યું છે.

## મોતીસર-કાદેસર તળાવના આરાની ૧૫ દિવસમાં સફાઈ ન થતાં રેલીની ચીમકી

। પ્રતિનિધિ, લખતર, તા.૨૯ ।

લખતર ગામના પ્રજાવત્સલ રાજવીઓ દ્વારા નિમત ઐતિહાસિક મોતીસર અને કાદેસર તળાવ હાલ તંત્રની ઘોર ઉપેક્ષાનો શિકાર બન્યું છે. તળાવના આરા અને ઘાટ પર સાફ-સફાઈના અભાવે કચરો અને 'ડીલો' નામનું જોખમી ઘાસ ઉગી નીકળ્યું છે. અનેક રજૂઆતો છતાં પરિણામ ન મળતા, ગામની જાગૃત મહિલાઓએ મુખ્ય બજારના ગાંધી ચોકમાં વિરોધ દર્શાવતા બોર્ડ લગાવી તંત્ર સામે પ ોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છેતળાવના ઘાટ પર ઉગી નીકળેલા ઘાસને કારણે કપડાં ધોવા આવતી મહિલાઓમાં ઝેરી જીવજંતુ કરડી જવાનો સતત ભય રહે છે. બીજી તરફ, ગામમાં નખાયેલી કરોડોની પાઈપલાઈનમાં લીકેજ હોવાથી ઘરે પાણી પહોંચતું નથી, જેના કારણે મહિલાઓને મજબૂરીમાં તળાવે આવવું પડે છે. સફાઈ ન થતા મહિલાઓની હાલત કફોડી બની છે.મહિલાઓએ તંત્રને અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે જો આગામી ૧૫ દિવસમાં નહાવા-ધોવાના ઘાટની સફાઈ કરવામાં નહીં આવે.

### ચૂંટણી સ્થળ, મતદાર યાદી, સ્ટાફની ભૂમિકા અને મહાશિવરાત્રિ પર્વે મતદાન રાખવા સહિતના મુદ્દે ધ્યાન દોર્યું

# બીસીએ ચૂંટણીમાં પારદર્શિતાને લઈ વિવાદ, ઉમેદવારેની ચૂંટણી અધિકારીને રજૂઆત

### ચૂંટણીનું સ્થળ રામબાગ, નાનુભાઈ અમીન માર્ગ ખાતે નક્કી કરાયું છે, જે સ્થળ એક સ્પર્ધક ઉમેદવારના પ્રભાવ હેઠળ

। પ્રતિનિધિ, બરોડા, તા.૨૯ ।

બીસીએ (બરોડા ક્રિકેટ એસોસિએશન)ની આગામી તા. ૧૫ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીનેલઈને વિવાદ સર્જાયો છે. રોયલ તથા રિવાઈવલ જુથ તકફથી ફાઈનાન્સ કમિટી પદના ઉમેદવારે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને ન્યાયસંગતતા અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી બીસીએ ચીફ ઈલેક્શન ઓફિસર વરેશ સિન્હાને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવ્યું છે કે, ચૂંટણીનું સ્થળ રામબાગ, નાનુભાઈ અમીન માર્ગ ખાતે નક્કી કરાયું છે, જે સ્થળ એક સ્પર્ધક ઉમેદવારના પ્રભાવ હેઠળ છે. આવી પરિસ્થિતિમાં ચૂંટણી યોજવી ચૂંટણીની આચારસંહિતાના વિરુદ્ધ છે અને મતદારોને પ્રભાવિત કરવાની શક્યતા રહે છે. ચૂંટણી પ્રક્રિયામાં બીસીએ તેમજ એલેમ્બિક ઈન્ડસ્ટ્રીઝ લિ. નો સ્ટાફ સામેલ રહેતો હોવાને કારણે ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નચિહ્ન ઊભું થાય છે.મતદાર યાદી મુદ્દે પણ ગંભીર ખુલાસો થયો છે. બીસીએ દ્વારા આપવામાં આવેલી મતદાર યાદીમાં અવસાન પામેલા સભ્યોના નામો સમાવિષ્ટ હોવાની વિગતો રજૂ કરવામાં આવી છે. આ બાબત ખોટા મતદાનની શક્યતા ઊભી કરે છે. મતદાન દરમિયાન ગેરરીતિ અટકાવવા માટે બીસીએ દ્વારા જારી કરાયેલા ઓળખપ ત્રો બદલે માત્ર સરકાર દ્વારા જારી થયેલા આધારકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ કે મતદાર ઓળખપત્રનો ઉપયોગ કરવો જોઈએ તેવી પણ માગ કરી છે.ઉપરાંત, તા. ૧૫ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિનો પ ર્વ હોવાથી અનેક સભ્યો ધાર્મિક વિધિ, ઉપ વાસ અને પૂજા-અર્ચનામાં વ્યસ્ત રહેતા હોવાથી મતદાન ટકાવારી પર અસર થવાની શક્યતા પણ દર્શાવી છે.આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ ઉમેદવારે ચૂંટણી સ્થળ બદલીને નિષ્પક્ષ સ્થળે ચૂંટણી યોજવા, સ્વતંત્ર વ્યક્તિઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયા સંચાલિત કરવા, મતદાર યાદી સુધારવા, ચૂંટણી ની તારીખ પુનઃનિર્ધારિત કરવા તેમજ તમામ ઉમેદવારોની તાત્કાલિક બેઠક બોલાવવાની માગ કરી છે.રિવાઈવલ જૂથના આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૩ની બીસીએની ચૂંટણીમાં પ્રમુખ પદ માટે મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ સામે ચિરાયુ અમીન ઉમેદવાર તરીકે મેદાનમાં હતા. તે સમયની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મતદાનનું સ્થળ રાજમહેલની બેડમિન્ટન કોર્ટ રાખવામાં આવ્યું હતું.

## કારમાં વધારે ડિસ્કાઉન્ટ આપવાના બહાને વાળુકડના યુવાન સાથે છેતરપિંડી

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૯ ।

વાળુકડ ગામે રહેતા યુવાન સાથે શખ્સે નવી કાર વધારે ડિસ્કાઉન્ટ દેવાના બહાના હેઠળ વિશ્વાસ કેળવી રૂ.૫.૮૫ લાખની છેતરપિંડી આચરી હતી.ઘોઘા તાલુકાના વાળુકડ ગામે રહેતા સંદીપભાઈ તુલસીભાઈ મકવાણાને કારની ખરીદી કરવી હોય દિવાળી પહેલા સંદીપભાઈ અને તેના મિત્ર જયદેવભાઈ ડોડીયા તથા સંજયભાઈ બારોલીયા તથા સંદીપભાઈના પુત્ર હિતભાઈ ચિત્રા ભાવનગર ખાતે કંપનીના શોરૂમમાં આવ્યા હતા.અને કંપનીના કર્મચારી વિષુભાઈ પ ઢિયારે કાર બતાવી રૂ. ૭,૯૫,૦૦૦ ની કિંમત જણાવી હતી.અને ડિસ્કાઉન્ટ આપવાની વાત કરતા વિશુભાઈએ જણાવેલ કે મેહુલ સુરેન્દ્રભાઈ ભટ્ટને મળી લો તે વધારે ડિસ્કાઉન્ટ કરી આપશે તેમ કહેતા સંદીપભાઈ મેહુલને મળી વાતચીત કરતા મેહુલ રૂ.૭,૮૫,૦૦૦ ની કિમત કરી આપી હતી.અને મેહુલે જણાવેલ કે રૂ.૮૫,૦૦૦ ભરીને બુકિંગ કરાવી બાકીના રકમના ચેક લખી આપવાની વાત કહી હતી.પ રતુ સંદીપભાઈ પાસે હાલ રોકડા રૂપિયા નહોય ત્યારે મેહુલે જણાવ્યું હતું કે,રૂપિયાની સગવડ કરો એટલે હું આવીને લઈ જઈશ તેમ જણાવ્યું હતું.દરમિયાનમાં સંદીપભાઈએ ગત તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મિત્રની પાનની દુકાન પાસે રૂ.૩૫,૦૦૦ રોકડા આપ્યા હતા. અને મેહુલે કંપનીની બુકમાંથી સ્લીપ આપી હતી.અને બાદમાં રૂ.૧ લાખ આપ્યા હતા.અને બેન્કનો રૂ.૬ લાખનો ચેક લખી આપ્યો હતો. ચેક બાઉન્સ થયાં હોવાના બહાના કરી મેહુલ ભટ્ટએ રૂ.૫,૮૫,૦૦૦ બરોબર પોતાની પાસે મેળવી કંપનીમાં જમા નહીં કરાવી કાર નહીં આપી છેતરપિંડી આચરી હતી.

### નિયમો અસ્પષ્ટ અને દુરુપયોગની શક્યતા દર્શાવતા કોર્ટના આદેશને આવકારી શાસકો પર આકરા પ્રહારો

# યુ.જી.સી.ના નવા નિયમો ઉપર સુપ્રીમ કોર્ટની બ્રેક । અપક્ષ કાઉન્સિલરે નિર્ણયને બિરદાવી મહા આરતી સાથે ઉજવણી કરી

। પ્રતિનિધિ, બરોડા, તા.૨૯ ।

યુ.જી.સી.ના નવા નિયમો પર સુપ્રીમ કોર્ટની બ્રેકસુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.)ના નવા નિયમોને આગામી આદેશ સુધી સ્થગિત કર્યા છે. કોર્ટએ નિયમોમાં જોગવાઈઓ અસ્પષ્ટ હોવાનું તેમજ તેના દુરુપયોગની શક્યતા વ્યક્ત કરી છે. આ નિર્ણયને શહેરના અપક્ષ કાઉન્સિલર આશિષ જોષીએ બિરદાવ્યો હતો અને મહા આરતી કરીને પ્રસાદી આપી લોકોનું મોઢું મીઠું કરાવ્યું હતું. આ અંગે આશિષ જોષીએ જણાવ્યું હતું કે, યુ.જી.સી.ના નવા નિયમો સવર્ણ સમાજ વિરુદ્ધના હોઈ છેલ્લા ઘણા દિવસોથી દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશથી સવર્ણ સમાજની જીત થઈ છે. સરકાર દ્વારા દેશમાં જાતિ વૈમનસ્ય ફેલાવવાનો



પ્રયાસ થયો હતો, તેનો જવાબ કોર્ટના નિર્ણયથી મળ્યો છે તેમ તેમણે ઉમેર્યુ હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે આ કાયદો સંપર્ણપણે રદ થવો જોઈએ. ગુજરાત સહિત વડોદરાના સાંસદોને સમાજ પ્રત્યે વફાદાર રહેવાની ટકોર પણ તેમણે કરી હતી. આશિષ જોષીએ કહ્યું હતું કે, બ્રાહ્મણ હિંદુ સમાજનું મુખ છે અને બ્રાહ્મણ તરીકે દિશા નિર્દેશ કરી વર્ગવિગ્રહ ફેલાવવો યોગ્ય નથી. સમાજમાં એકતા સ્થાપિત કરવાની ભૂમિકા બ્રાહ્મણોની હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.સુપ્રીમ કોર્ટના નિર્ણયથી રાહત અનુભવતા મહાદેવના આશીર્વાદ લઈ સોસાયટીના રહીશો વચ્ચે પ્રસાદી વિતરણ કરીને આનંદ વ્યક્ત કર્યો હતો. યુ.જી.સી.ના નવા નિયમો પર સુપ્રીમ કોર્ટની બ્રેકસુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.)ના નવા નિયમોને આગામી આદેશ સુધી સ્થગિત કર્યા છે. કોર્ટએ નિયમોમાં જોગવાઈઓ અસ્પષ્ટ હોવાનું તેમજ તેના દુરુપયોગની શક્યતા વ્યક્ત કરી છે. આ નિર્ણયને શહેરના અપક્ષ કાઉન્સિલર આશિષ જોષીએ બિરદાવ્યો હતો અને મહા આરતી કરીને પ્રસાદી આપી લોકોનું મોઢું મીઠું કરાવ્યું હતું.આ અંગે આશિષ જોષીએ જણાવ્યું હતું કે, યુ.જી.સી.ના નવા નિયમો સવર્ણ સમાજ વિરુદ્ધના હોઈ છેલ્લા ઘણા દિવસોથી દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશથી સવર્ણ સમાજની જીત થઈ છે. સરકાર દ્વારા દેશમાં જાતિ વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ થયો હતો, તેનો જવાબ કોર્ટના નિર્ણયથી મળ્યો છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

## સુરેન્દ્રનગરમાં ટ્રકના ચોર ખાનામાંથી એક કરોડનો દારૂ જપ્ત

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૯ ।

રાજ્યમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદ-કચ્છ હાઈવે પર ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામ નજીક એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રકમાંથી પોલીસે અંદાજે ૧.૦૭ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.મળતી માહિતી અનુસાર, એલસીબી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચુલી ગામ પાસે આવેલી હોટલ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં શંકાસ્પદ હાલતમાં ઉભેલી ટ્રકની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તસ્કરોએ પોલીસથી બચવા માટે ટ્રકમાં ચોરખાનું બનાવ્યું હતું. આ ગુપ્ત ખાનામાંથી પોલીસે ઈંગ્લીશ દારૂની કુલ ૨૫,૪૪૦ બોટલો કબજે કરી. જપ્ત કરાયેલા દારૂની કિંમત આશરે ૮૭.૫૬ લાખ રૂપિયા થાય છે. ટ્રક અને અન્ય સામાન મળી કુલ ૧.૦૭ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.જ્યારે પણ જિલ્લાની એલસીબી (એલસીબી) ટીમ સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં આટલો મોટો દારૂનો જથ્થો ઝડપી પાડે છે, ત્યારે સ્થાનિક પોલીસની કાર્યક્ષમતા સામે સવાલો ઊઠતા હોય છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસની હદમાં હાઈવે પર આટલી મોટી હેરાફેરી થઈ રહી હતી અને સ્થાનિક પોલીસ અજાણ હતી.

## સાયલા-ચોટીલા હાઈવે પર જાનૈયાઓની બસ ટ્રકની પાછળ ઘૂસી, ૨૪ લોકો ઈજાગ્રસ્ત

। પ્રતિનિધિ, સાયલા, તા.૨૯ ।

સાયલા-ચોટીલા હાઈવે પર (૨૬મી જાન્યુઆરી) વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. સુરતથી જામકંડોરણા જઈ રહેલા જાનૈયાઓ ભરેલી લક્ઝરી બસ સાયલાના ગોસળ બોર્ડ નજીક ઉભેલી ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતા ૨૪ જેટલા જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા હતા. લગ્ન પ્રસંગના હરખ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતને પગલે ચીસાચીસ મચી ગઈ હતી.મળતી માહિતી અનુસાર, સુરતથી જાનૈયાઓને લઈને એક લક્ઝરી બસ જામકંડોરણાના વિમલનગર ખાતે જઈ રહી હતી. બસ જ્યારે સાયલાના ગોસળ બોર્ડ નજીક પ હોંચી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ આગળ જઈ રહેલી અથવા ઉભેલી ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ હતી. બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતા જ આસપાસના વિસ્તારમાંથી પાંચ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સાયલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ સાયલા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે હાઈવે પર જામ થયેલા ટ્રાફિકને હળવો કરી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદરૂપ બન્યા હતા.



એએમસીનું પ્રગતિશીલ પગલું

# એએમસી ઇતિહાસમાં રોડના વિકાસનો રેકોર્ડ, 'કોમન વેલ્થ ગેમ્સ ૨૦૩૦' તરફ રોડના વિકાસની પહેલ કરતું

## ચાલુ નાણાંકીય વર્ષમાં તમામ ૭ ઝોન અને રોડ પ્રોજેક્ટ વિસ્તારમાં અત્યારસુધીની સૌથી વધુ ૮.૪૫ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી પૂર્ણ





। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।

કોમન વેલ્થ ગેમ્સ ૨૦૩૦ના સંદર્ભમાં અમદાવાદ શહેરને વૈશ્વિક સ્તરની અર્બન મોબિલિટી,સુવ્યવસ્થિત ટ્રાફિક મેનેજમેન્ટ અને ઝડપી આવાગમન માટે તૈયાર કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માર્ગ માળખાના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. છસ્ઝના ઝોન અને રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા શહેરના સાતેય ઝોનમાં રોડ વિકાસની કામગીરીમાં દર વર્ષે નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, જેના પરિણામે માર્ગ માળખાના ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં તમામ ૭ ઝોન અને રોડ પ્રોજેક્ટ વિસ્તારમાં કુલ ૮.૪૫ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે,જે છસ્ઝના ઈતિહાસમાં અત્યારસુધીની સૌથી વધુ છે. આ વ્યાપક કામગીરીથી શહેરમાં મુખ્ય માર્ગો, કનેક્ટિંગ રોડ્સ અને આંતરિક માર્ગો વધુ મજબૂત અને સુવ્યવસ્થિત બન્યા છે, જેના કારણે વાહન વ્યવહારની સરળતા અને ગતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.આંકડાઓ મુજબ, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરેરાશ ૭ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી થતી હતી, જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં આ આંકડો નોંધપાત્ર રીતે વધ્યો છે. હાલ પણ વિવિધ ઝોનમાં રોડ વિકાસની કામગીરી પ્રગતિ પર છે અને ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં કુલ રોડ કામગીરી અંદાજીત ૯.૫૦ લાખ મેટ્રિક ટન સુધી પહોંચવાની સંભાવના છે. આ આંકડા દર્શાવે છે કે એએમસી દ્વારા શહેરના માર્ગ માળખાને લાંબા ગાળાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ રીતે વિકસાવવામાં આવી રહ્યું છે.એએમસીના ઈતિહાસમાં પ્રથમવાર એક જ નાણાંકીય વર્ષમાં સાતેય ઝોનમાં આટલા મોટાપાયે રોડની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન મધ્ય ઝોનમાં ૩૦ હજાર મેટ્રિક ટન, પૂર્વ ઝોનમાં ૧ લાખ મેટ્રિક ટન, ઉત્તર ઝોનમાં ૭૪ હજાર મેટ્રિક ટન, દક્ષિણ ઝોનમાં ૮૬ હજાર મેટ્રિક ટન, પશ્ચિમ ઝોનમાં ૭૮ હજાર મેટ્રિક ટન, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૪૪ હજાર મેટ્રિક ટન અને ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૧.૩૫ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત, રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અલગથી ૨.૫૧ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી કરવામાં આવી છે. આમ, કુલ મળીને ૮.૪૫ લાખ મેટ્રિક ટન રોડ વિકાસ નોંધાયો છે.છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ દર્શાવે છે કે એએમસી દ્વારા માર્ગ વિકાસમાં સતત વૃદ્ધિ કરવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ૫.૫૧ લાખ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન ૭.૪૫ લાખ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ૭.૭૭ લાખ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૭.૬૦ લાખ મેટ્રિક ટન રોડ કામગીરી કરવામાં આવી હતી. કોમન વેલ્થ ગેમ્સ ૨૦૩૦ના સંદર્ભમાં અમદાવાદ શહેરને વૈશ્વિક સ્તરની અર્બન મોબિલિટી,સુવ્યવસ્થિત ટ્રાફિક મેનેજમેન્ટ અને ઝડપી આવાગમન માટે તૈયાર કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માર્ગ માળખાના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી

# વડોદરા શહેરની ઇન્ટરનેશનલ મેરેથોન પૂર્વે સ્વયંસેવકોને સીપીઆરની તાલીમ અપાઈ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ ।

વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી છે. જાહેર આરોગ્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વધુ અર્થપૂર્ણ અને અસરકારક બનાવવા મેરેથોનના આયોજનના ભાગરૂપે પૂર્વ તૈયારી હેઠળ સ્વયંસેવકોને કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન (સીપીઆર)ની તાલીમ આપવામાં આવી હતી. મેરેથોનના ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી કરતા કુલ ૫૫ સ્વયંસેવકો (ફ્રન્ટ રનર્સ)ને કમ્પ્રેશન ઓનલી લાઈફ સપોર્ટ સીપીઆરની વિશેષ તાલીમ અપાઈ હતી.

આ તાલીમ વડોદરા સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ગોત્રીના એનેસ્થેસિયા વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવી હતી.યુવાન વર્ગમાં અચાનક હૃદય સંબંધિત ઘટનાઓમાં વધારાને ધ્યાનમાં રાખીને આ પહેલ હાથ ધરવામાં આવી છે. વિશ્વસ્તરીય રિસસિટેશન માર્ગદર્શિકાઓ મુજબ હોસ્પિટલની બહાર થતી મોટાભાગની હૃદય બંધ થવાની ઘટનાઓ નોન-હોસ્પિટલ પરિસ્થિતિમાં થાય છે અને આવી સ્થિતિમાં તરત આપવામાં આવતી બાયસ્ટેન્ડર સીપીઆર જીવ બચવાની સંભાવનાઓમાં નોંધપાત્ર વધારો કરે છે. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનની ૧૩મી આવૃત્તિ આગામી તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાનારી છે.

## વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખના નવા નામ માટે કવાયત, ફરી પાંચ ધારાસભ્યોએ એકતા બતાવી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૯ ।

વડોદરા જિલ્લા ભાજપના નવા પ્રમુખની નિયુક્તિ માટે પ્રદેશ ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે રસિકભાઈ પ્રજાપતિની વરણી કરાયા બાદ તેઓને પ્રદેશ ભાજપની સમિતિમાં ઉપાધ્યક્ષનો હોદ્દો આપવામાં આવ્યો હતો. જેથી એક વ્યક્તિ એક હોદ્દા પ્રમાણે વડોદરા જિલ્લાના પ્રમુખ તરીકે નવા નામની ચર્ચા ચાલી રહી છે. દરમિયાનમાં ભાજપના ત્રણ નિરીક્ષકો આજે આજવારોડ ખાતેના સરકારી ગેસ્ટ હાઉસમાં આવી પહોંચ્યા હતા અને સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ દરમિયાન ફરી એકવાર પાંચ ધારાસભ્યો એક સાથે આવીને પોતાની એકતા બતાવી હતી. પાંચ ધારાસભ્ય સૂચવે તે પ્રમુખ બની શકે તેમ પણ કાર્યકરો માની રહ્યા છે. વડોદરા જિલ્લા ભાજપના નવા પ્રમુખની નિયુક્તિ માટે પ્રદેશ ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે રસિકભાઈ પ્રજાપતિની વરણી કરાયા બાદ તેઓને પ્રદેશ ભાજપની સમિતિમાં ઉપાધ્યક્ષનો હોદ્દો આપવામાં આવ્યો હતો.

## યુવતીએ તમાચો માર્યો તો પ્રેમીના મિત્રોએ હત્યા કરી નાંખી, ગણતરીના કલાકોમાં ઝડપાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૨૯ ।

જિલ્લાના ઓલપાડ તાલુકાના પરીઆ ગામના ગૌચર વિસ્તારમાં ચોથી ઓક્ટોબરના રોજ એક અજાણી મહિલાની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી હતી. આ ગંભીર ગુનાને સુરત જિલ્લા પોલીસે ઉકેલી નાંખીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ગત ચોથી ઓક્ટોબરના રોજ સવારે પરીઆ ગામના ગૌચર વિસ્તારમાંથી આશરે ૨૫ વર્ષની એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. અજાણ્યા ઈસમોએ તિક્ષ્ણ હથિયારથી મહિલાના ગળાના ભાગે ઘા મારી ગળું કાપી નાખ્યું હતું. આ સાથે તેના બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા અને પેટના તથા થાપાના ભાગે ઘા મારી તેની હત્યા કરી હતી. આ મામલે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ખૂનનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સી.સી.ટી.વી. ફૂટેજ અને ગુનાવાળી જગ્યા પરથી મળી આવેલા બિલિમોરાની મેંગુશી જનરલ હોસ્પિટલના બિલના આધારે તપાસની દિશા નક્કી કરી. આના પરથી મૃતક મહિલાની ઓળખ સોનલ રાઠોડ (રહે. બારડોલી) તરીકે થઈ હતી.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, સોનલ રાઠોડ છ મહિના પહેલા પોતાના પતિને છોડીને શોયેબ ઉર્ફે બોબડો ઈશાક શેખ (રહે. બારડોલી) નામના ઈસમ સાથે રહેતી હતી. આ બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો. શોયેબ ચોરી કરવાની ટેવવાળો હતો અને જેલમાં હતો જ્યાં તેની ઓળખાણ ચોરી અને ઘરફોડના ગુનામાં સંડોવાયેલા વલ્લભ ઉર્ફે અનવર ભીખાભાઈ વસાવા (રહે. મિસરાડ, કરજણ, વડોદરા) સાથે થઈ હતી. જેલમાંથી છૂટ્યા બાદ શોયેબ અને સોનલ વલ્લભના ઘરે રહેવા ગયા હતા. ત્યારબાદ આ ત્રણેય સાથે રાહુલ ઉર્ફે કાળિયો ફુલચંદ યાદવ (રહે. રખડતો ભટકતો, યુ.પી. વતન) પણ ચોરીના ધંધામાં જોડાયો હતો.સોનલની તબિયત બગડતા તે શોયેબ સાથે સાયણ સી.એચ.સી. હોસ્પિટલ ગઈ હતી.






તંત્રી લેખ...

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્કબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

# ફિટ રહેવા રોજ ૨૨ મિનિટ ચાલો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...

**શું આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનુ મુખ્ય કારણ કેશ ફ્લો હોય છે**

કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂર હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફ્ટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી



શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.

સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફલોપ થઈ જાય છે કે તેમની પાસે કેશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઈ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એઅજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિંગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે.

યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ લોકલ કંપનીની લિસ્ટિંગ સાથે મેચ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે પણ લાભ થઈ શકે છે. શુ આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે. જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઈએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે. એટલે કે કોઈ પ્રાઈમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઈમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે. કંપનીના ખર્ચને કાબુમાં લેવા માટે આ બાબત ખુબ ઉપયોગી હોય છે. પોતાના કર્મચારીને વર્ક ફ્રોમ હો અથવા તો રિમોટ વર્કની સુવિધા પણ આપી શકાય છે. ઓફિસ નાની હોવાથી ભાડુ ઓછુ રહેશે. વીજળી, પાણી અને અન્ય ખર્ચ પર પણ બ્રેક મુકી શકાશે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધવુ જોઈએ.



નવી ચર્ચા :ત્રાસવાદને રોકવા માટે કેટલાક અન્ય વિકલ્પ છે

**ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે**

# સરહદે ખાસ વસવાટ ગોઠવી શકાય

**ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે : કલમ ૩૭૦ને નાબુદ કર્યા બાદ ત્રાસવાદનો ખાતમો સરળ રીતે થઇ શકે**

દેશમાં જ્યારે પણ કોઈ ભીષણ ત્રાસવાદી હુમલા થાય છે ત્યારે કેટલીક નવી બાબત સપાટી પર આવે છે અને ત્રાસવાદી હુમલાને રોકવા માટે ક્યા પગલા લેવામાં આવે તેને લઈને ચર્ચા છેડાઈ જાય છે. હવે જ્યારે જમ્મુ કાશ્મીરમાં સતત નવા નવા ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે ઘુસણખોરીને રોકવા માટે કયા પગલા લેવામાં આવે તેની ચર્ચા છેડાઈ ગઈ છે. ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે. જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે.

આ દિશામાં વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. આ તો નક્કર વાસ્તવિકતા છે કે તમામ ત્રાસવાદીઓ એલઓસી મારફતે જ આવે છે. સરહદ પર તો ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા છે. બેરિકેડિંગ પણ છે. જેથી ત્યાંથી ઘુસણખોરીથી ખુબ મુશ્કેલ છે. ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે. કલમ ૩૭૦ને નાબુદ કરી દેવામાં આવ્યા બાદ સરહદ પર એવી વસવાટ સ્થાપિત કરવામાં આવે જે કેટલાક અંશે સાવધાન રહેતી હોય સાથે સાથે ઘુસણખોરીને રોકવા માટે સક્ષમ પણ હોય. દાખલા તરીકે સરહદ પર સેવામાંથી નિવૃત થયેલા લોકોને વસાવી દેવા જોઈએ. જે નાની વયમાં નિવૃત થયા છે તે જવાનોને સૌથી પહેલા તૈનાત કરી દેવા જોઈએ. આખરે કાશ્મીર ભારતનો હિસ્સો છે.

કાશ્મીરમાં જઈને બીજા ભારતીય લોકો નહી શકે નહી તેવી કોઈ મજબુરી નથી. તો બીજા લોકો કેમ જઈને ન રહે. બીજા ભારતીય લોકો કાશ્મીરમાં જઈને રહેવા લાગે તેમાં કાંઈ ખોટુ નથી. આખરે પાકિસ્તાન તો અધિકૃત કાશ્મીરમાં મન ફાવે તેવુ કામ કરી રહ્યું છે. તો ભારત પોતાના પગ પર કુહાડી કેમ મારે છે. આખરે ભારતની એવી કેવી મજબુરી છે કે કાશ્મીરીને મુસ્લિમ બહુમતિ સાથેના રાજ્ય તરીકે જ રાખવામાં આવે. હાલના ત્રાસવાદી હુમલા અંગે અમે સીધી રીતે હજુ



સુધી કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. અમારી ગુપ્તચર સંસ્થાઓની ખામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. કારણ કે ભારત-પાકિસ્તાન સરહદ પંજાબ તરફ પણ ખુબ મોટી છે. આ વાત પણ વાસ્તવિક છે કે ગુપ્તચર સંસ્થાએ માહિતી આપી હતી કે ત્રાસવાદી હુમલો થઈ શકે છે. પરંતુ હુમલો ક્યાં થઈ શકે છે અને ક્યારે થશે તે અંગે વાત કરવી યોગ્ય નથી. અમારી સરહદ પર અર્ધલશ્કરી દળ તૈનાત છે. જેમની જવાબદારી તેમના અધિકારીઓના બદલે પોલીસના હાથમાં હોય છે. અર્ધલશ્કરી દળમાં સીધી રીતે નિમણૂક પામેલાની તકોમાં કમી આવવાથી તેમના ટેન્શનમાં વધારો થાય છે. જો કે આવી કોઈ કામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી હાલમાં યોગ્ય નથી. અંકુશ રેખા પર યોગ્ય વસવાટ ગોઠવીને કેટલીક સમસ્યાનો તો પોતાની રીતે જ ઉકેલ લાવી શકાય છે. પૂર્વ જવાનોને તેમના પરિવાર સાથે ગોઠવી શકાય છે.

# શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે

**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કુલ સ્વીકૃત શૈક્ષણિક પદોના દસ ટકા સુધી 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ'ની નિયુક્તિની યોજના બહુ જ તાર્કિક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત બનેલી આ યોજના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની મહત્તા આપ નારી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન, મીડિયા, સાહિત્ય, ઉદ્યમ, સમાજ વિજ્ઞાન, લલિત કલા, નાગરિક સેવા અને સૈન્ય દળોના વ્યાવસાયિક જ્યારે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ નિયુક્ત કરાશે તો જ્ઞાનનું વિઉપનિવેશીકરણ થશે. ૧૯મી સદીમાં મેકોલીની શિક્ષણ નીતિએ જ્ઞાનનું સંસ્થાનીકરણ કરી તેને પશ્ચિમમુખી બનાવી દેવામાં આવ્યું હતું અને જ્ઞાનના બિનયુરોપીય સ્રોતની અવગણના કરવામાં આવી હતી. ભારતમાં જ્ઞાનના એ સ્રોત બહુ પહેલેથી જ વિદ્યમાન છે. ભારતની જ્ઞાન પ્રણાલીની અવગણના કરીને ભારતમાં બ્રિટિશ રાજ અને તેની શિક્ષણ નીતિનો વિસ્તાર થયો.

અંગ્રેજી શાસનની ભારતીય કલા સંપદા પર કેવી વક્ર દૃષ્ટિ હતી, તેને સખારામ ગણેશ દેઉસ્કરે ૧૯૦૪માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દેશેર કથા'માં પ્રમાણો સહિત પ્રસ્તુત કરી છે. તેમણે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે કે અંગ્રેજ વેપારીઓ કઈ રીતે ભારતીય હસ્તકલા અને શિલ્પના અસાધારણ કલાકારો પર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અયોગ્ય દબાણ કરતા હતા અને અવજ્ઞા કરાતાં તેમના અંગૂઠા કે હાથ જ કાપી લેતા હતા. વિભિન્ન ક્ષેત્રોમાં એવી અસાધારણ પ્રતિભા હજુ પણ વિદ્યમાન છે. દેશના વિભિન્ન હિસ્સામાં વિભિન્ન આદિવાસી સમૂહ આજે પણ ખજૂરનાં પાંદડાં, ઘાસ, પથ્થર, લાકડીથી બનેલ દૈનિક ઉપયોગ અને



સજાવટની ચીજો એટલી કલાત્મક રીતે બનાવે છે કે તેમનું ઉન્નત હસ્તશિલ્પ ચકિત કરી દે છે. ભારતીય ચિત્રકલાના બે મુખ્ય પ્રકાર છે. એક, જે પ્રાચીન કાળથી ગામડાંમાં છે. બીજી, આધુનિક કલા. પ્રાચીન કાળથી ચાલી આવતી લોક કલા સામાન્ય જીવનના અનુભવો અને પ્રયોજનો વચ્ચે વિકસિત થતી ગઈ છે. ભારતના સુદૂર ગામડાંમાં દીવાલો પર, કપડા પર એકથી એક ચડિયાતી નકશીકામ અને કલા જોઈને કોઈને પણ વિસ્મય થઈ શકે છે. પારંપરિક અને આધુનિક બંને કલાઓનું અલગ મહત્ત્વ છે. બંનેએ પોતપોતાના સામાજિક માળખામાં વિકાસ કર્યો છે. પારંપરિક કલાઓએ ગામડાંમાં અને અકાદમિક કલાએ શહેરોમાં. ભારતના સંદર્ભે બંને સત્ય છે અને બંનેના આઈનામાં કલાનું શિક્ષણ ઉપયોગી બની શકે છે. એવી પ્રતિભાઓ પાસે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ખજાનો છે, પરંતુ ઉપેક્ષિત રહી ગઈ છે, તેમને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજના સાથે જોડવાથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકશે અને તેમના પ્રશિક્ષણમાં છાત્રોના વ્યવસાયિક કૌશલ્યને નિખારવા અને તેમને સંબંધિત ઉદ્યોગ કે વ્યવસાય અનુસાર ઢાળવામાં મદદ મળશે. આ યોજનાથી અનુભવી, યોગ્ય શિક્ષકો અને વિષય વિશેષજ્ઞોની કમી પણ પૂરી થશે. એવા વ્યવસાયિક જેમની પાસે પીએચડી, નેટ કે ઔપચારિક શિક્ષણ નથી, પરંતુ પોતાના વ્યવસાયમાં ૧૫ વર્ષનો અનુભવ છે, તેમણે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે એક વર્ષથી લઈને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી માટે નિયુક્તિ મળી શકે છે. કોઈ વિશેષ મામલે એક વર્ષનો સેવા વિસ્તાર પણ મળી શકે છે. દેખીતું છે કે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે. મહાત્મા ગાંધી પણ આ જ કૌશલ્યના તરફદાર હતા. ગાંધીજી ઈચ્છતા હતા કે બાળકો હાથથી લખવાનું શીખતાં પહેલાં ઓજાર ચલાવવાનું શીખે. તેમના માટે 'હાથની તાલીમ'નો મતલબ એ હતો કે વિદ્યાર્થી એવી વસ્તુઓ બનાવે જે બજારમાં વેચી શકાય.

ગાંધીજી તેની તરફદારી એટલા માટે કરતા હતા, કારણ કે હાથથી કામ કરવાનું કૌશલ્ય જ એ ચીજ છે, જે મનુષ્યને પશુથી અલગ કરે છે. ગાંધીજીને તેનો બોધ હતો કે વિદ્યાર્થીના કામની ગુણવત્તા તેમને સન્માન પણ અપાવશે. સમાજમાં કામની ગુણવત્તા હંમેશાં સન્માનિત થતી રહી છે. શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે, એવામાં ઉપયોગી હસ્તકલા શીખનારા પોતાની આજીવિકા માટે તેનો આશ્રય લઈ શકે છે અને એ પ્રણાલીથી આત્મનિર્ભર પણ બની શકે છે.

પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે કામ કરનારાઓ પાસે એ અપેક્ષા સ્વાભાવિક રહેશે કે તેઓ વિદ્યાર્થીઓને વ્યાવહારિક પ્રશિક્ષણ આપીને તેમને આત્મનિર્ભર બનાવામાં સહયોગ કરે. સાથે જ ઉદ્યોગોની જરૂરિયાતો અને રાષ્ટ્રની જરૂરિયાતને અનુકૂળ વિદ્યાર્થીઓની અંદર કૌશલનું નિર્માણ કરે. પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાની સાર્થકતા એના પર નિર્ભર કરશે કે તે વિદ્યાર્થીને વ્યાવહારિક પ્રશિક્ષણ, કૌશલ્ય અને રોજગારના કેટલા અવસર ઉપલબ્ધ કરાવે છે અને નવી પેઢીને ભવિષ્યમાં આવનારા પડકારો માટે કેટલી તૈયાર કરે છે. આજે શીખવાનું પરિવેશ ઝડપ થી પરિવર્તિત થઈ રહ્યું છે. મૌખિકથી લેખિત થઈને આપણે ડિજિટલ દુનિયામાં દાખલ થઈ ગયા છી. તેથી હવે ડિજિટલ દુનિયાને અનુકૂળ વિદ્યાર્થીને કામ શીખવવું પડશે.

ઓનલાઈન શિક્ષણ એક એવો વિકલ્પ છે, જેની હવે ઉપેક્ષા સંભવ નથી. શિક્ષણની પારંપરિક પદ્ધતિઓની સાથે ઉત્તરોત્તર આધુનિક ટેકનિકનો સમન્વય હવે અનિવાર્ય છે, કારણ કે ફક્ત પારંપરિક શિક્ષણ પર ટકેલા રહેવાથી કેટલીય નવી ચીજો છૂટી જશે અને તે શિક્ષણ પણ એકાંગી થઈને રહી જશે. એક અગ્રગામી, ગતિશીલ અને ઉત્તરોત્તર આધુનિક શિક્ષણ પદ્ધતિનો માર્ગ પ્રશસ્ત કરતાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાએ પોતાની ભૂમિકા અને ઉપયોગિતા સુનિશ્ચિત કરવી પડશે. જરૂરિયાત પ્રમાણે જ્ઞાન મેળવવું, જ્ઞાનના માધ્યમથી વિદ્યાર્થીનો પરિષ્કાર અને જ્ઞાનનો સમ્યક ઉપયોગ સુનિશ્ચિત કરવો સમયની માંગ છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



બાળકોમાં 'ડિજિટલ વ્યસન' અંગે સરકાર ચિંતિત

# ભારતમાં સોશિયલ મીડિયા માટે નક્કી કરાશે ઉંમર?

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૯ ।

ભારત સરકારે ગુરુવારે સંસદમાં રજૂ કરેલા વાર્ષિક આર્થિક સર્વેક્ષણમાં દેશના યુવાનો અને બાળકોમાં વધતી જતી 'ડિજિટલ લત' અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સર્વેક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્બલિંગ (સટ્ટાબાજી) એપ્સ સુધી પહોંચવા માટે વય-આધારિત મર્યાદાઓ નક્કી કરવા પર વિચાર કરવો જોઈએ.આ અહેવાલ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ રજૂ કરવાના થોડા દિવસો પહેલા જ રજૂ કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ ગુરુવારે રાજ્યસભામાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ની નકલ સદનના પટલ પર મૂકી હતી. આર્થિક સર્વેક્ષણ સરકાર દ્વારા રજૂ કરવામાં આવતો એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે. જેમાં દેશના લગભગ દરેક આર્થિક મોરચાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવે છે અને આગામી વર્ષના વિકાસ તેમજ પડકારો રજૂ કરવામાં આવે છે.આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું છે: રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ગેમ્બલિંગ એપ્સને વય ચકાસણી લાગુ કરવા માટે જવાબદાર ઠેરવવી જોઈએ.વર્તમાનમાં ભારત ફેસબુક , યુટ્યુબ અને એક્સ જેવા પ્લેટફોર્મ્સ માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક છે.

પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું

# એનએચ-૨ પ્રોજેક્ટ : એનએચઆઇડીસીએલ હવે નાગાલેન્ડ - મણિપુરને જોડતા બે હાઈવે બનાવશે

## નવા રૂટ માટે જમીન સંપાદિત કરવામાં આવશે, અને એકવાર પૂર્ણ થયા પછી, કોહિમાને સેનાપતિ, મણિપુર સાથે જોડતા બે રસ્તાઓ હશે, અધિકારીએ ઉમેર્યુ

। પ્રતિનિધિ, કોહિમા, તા.૨૯ ।

નેશનલ એનએચ હાઈવે-૨ પર કોહિમા-માઓ ગેટ રોડ પ્રોજેક્ટના લાંબા સમયથી વિલંબિત બાંધકામ અંગેના અપડેટ્સના બીજા રાઉન્ડમાં, ગૌહાટી હાઈકોર્ટ, કોહિમા બેન્ચને જાણ કરવામાં આવી હતી કે ટૂંક સમયમાં કોહિમાને મણિપુર સાથે જોડતા એક નહીં, પરંતુ બે રસ્તાઓ હોઈ શકે છે.નેશનલ હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (એનએચઆઈડીસીએલ) ના એક અધિકારીએ ૧૯ નવેમ્બરના રોજ ન્યાયાધીશ માઈકલ ઝોથાનખુમા અને યારેનજુંગલા લોંગકુમેરની ડિવિઝન બેન્ચને માહિતી આપી હતી કે વૈકલ્પિક રસ્તો વિચારણા હેઠળ છે અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.ત્યારબાદ, નવા રૂટ માટે જમીન સંપાદિત કરવામાં આવશે, અને એકવાર પૂર્ણ થયા પછી, કોહિમાને સેનાપતિ, મણિપુર સાથે જોડતા બે રસ્તાઓ હશે,



અધિકારીએ ઉમેર્યું.

દરમિયાન, ૨૬.૭ કિલોમીટર લાંબા કોહિમા-માઓ ગેટ રોડની વર્તમાન સ્થિતિની રૂપરેખા આપતા, એનએચઆઈડીસીએલ ના જનરલ મેનેજરે જણાવ્યું હતું કે કિસામા નજીક ડૂબતા વિસ્તાર અને ભૂસ્ખલનનું નિરાકરણ કરવામાં આવ્યું છે, પરંતુ ફક્ત કામચલાઉ ક્ષમતામાં. તેમણે ઉમેર્યું હતું કે આ સુધારો "થોડા સમય માટે ટકવો જોઈએ," જોકે તેમણે સ્વીકાર્યું હતું કે કોઈ કહી શકતું નથી કે કેટલો સમય રહેશે.

તેમણે આ મુશ્કેલીગ્રસ્ત વિસ્તારોને મજબૂત બનાવવા માટે ચાલી રહેલા પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો, અને કેએજે પ્રા. લિમિટેડને ડીપીઆર તૈયાર કરવાનું કામ સોંપ્યું હતું, જે એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એકવાર ડીપીઆર રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા મંજૂર થઈ જાય, પછી કામ ટેન્ડરમાં જશે, એમ તેમણે ઉમેર્યું હતું.રજૂઆતો સાંભળ્યા પછી, કોર્ટે બધા પ્રતિવાદીઓને બે અઠવાડિયામાં સોગંદનામા ફાઈલ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં MORTH ના બાંધકામ સ્પષ્ટીકરણોનું પાલન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને એસડીઓ (સિવિલ), જખામા દ્વારા પરીક્ષણ કરાયેલા પૂર્ણ થયેલા વિભાગો પર સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યા હતા. નેશનલ એનએચ હાઈવે-૨ પર કોહિમા-માઓ ગેટ રોડ પ્રોજેક્ટના લાંબા સમયથી વિલંબિત બાંધકામ અંગેના અપડેટ્સના બીજા રાઉન્ડમાં, ગૌહાટી હાઈકોર્ટ, કોહિમા બેન્ચને જાણ કરવામાં આવી હતી કે ટૂંક સમયમાં કોહિમાને મણિપુર સાથે જોડતા એક નહીં.

## ભારતમાં ભળી ગયેલા બ્રિટિશ પત્રકાર પદ્મભૂષણ માર્ક ટુલીનું ૯૦ વર્ષે નિધન

। એજન્સી, નવીદિલ્હી, તા.૨૯ ।

અગ્રણી પત્રકાર અને પ્રસિદ્ધ લેખક માર્ક ટુલીનું સાકેતની મેક્સ હોસ્પિટલ ખાતે ૯૦ વર્ષની વયે રવિવારે નિધન થયું, જ્યાં તેમને ૨૧ જાન્યુઆરીએ નેફરોલોજી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના નજીકના મિત્ર અને સહ-પત્રકાર સતીશ જેકબે આ સમાચારની પુષ્ટી આપી હતી. હોસ્પિટલે જણાવ્યું કે સ્ટ્રોક આવ્યા પછી બપોરે ૨.૩૫ કલાકે અનેક અવયવો નિષ્ફળ જવાથી ટુલીનું મોત થયું હતું. કોલકતામાં ૧૯૩૫માં ૨૪ ઓક્ટોબરના રોજ જન્મેલા ટુલીએ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ જવા અગાઉ તેમના પ્રારંભિક વર્ષો ભારતમાં વિતાવ્યા હતા. તેઓ ૧૯૬૪માં બીબીસીના સંવાદદાતા તરીકે પાછા આવ્યા અને તેના નવી દિલ્હી બ્યુરોના ચીફ બન્યા, જે પદ પછી તેમણે ૨૨ વર્ષ સુધી સંભાળ્યું. પાંચ દાયકા કરતા વધુ સમય દરમ્યાન તેઓ ભારતના રાજકીય અને સામાજિક પરિવર્તનના સૌથી સમજદાર ઈતિહાસકારો પૈકી એક તરીકે ઊભરી આવ્યા.ટુલીએ સ્વતંત્રતા પછીના ભારતીય ઈતિહાસમાં કેટલાક સૌથી મહત્વના બનાવોનું રિપોર્ટિંગ કર્યુ હતું જેમાં બાંગ્લાદેશનું યુદ્ધ, કટોકટી, ઓપરેશન બ્લૂ સ્ટાર, ઈન્દિરા અને રાજીવ ગાંધીની હત્યાઓ અને બાબરી મસ્જિદ ધ્વંસ જેવી ઘટનાઓ સામેલ હતી. પત્રકારિત્વની સાથે તેઓ એક પ્રસિદ્ધ લેખક પણ હતા અને તેમણે 'નો ફુલ સ્ટોપ્સ ઈન ઈન્ડિયા', 'ઈન્ડિયા ઈન સ્લો મોશન' અને 'ધી હાર્ટ ઓફ ઈન્ડિયા' જેવા દસ પ્રભાવશાળી પુસ્તકો લખ્યા હતા.

## તેલંગાણામાં હવે બે કરતાં વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પણ ચૂંટણી લડી શકશે

। એજન્સી, હૈદરાબાદ, તા.૨૯ ।

તેલંગાણા કેબિનેટે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા નિયમને સૈદ્ધાંતિક રીતે દૂર કરવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, મહેસૂલ મંત્રી પી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કોંગ્રેસ સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ૧ થી ૯ ડિસેમ્બર દરમિયાન 'પ્રજા પાલન-પ્રજા વિજયોત્સવમ' ઉજવણીનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.મંત્રીએ કહ્યું, "કેબિનેટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા માટે બે કરતા વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પરનો પ્રતિબંધ હટાવવા પર પુનર્વિચાર કર્યો. જ્યારે વસ્તી નિયંત્રણના પગલાં કડક રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે, ત્યારે પ્રતિબંધ લાગુ કરવાની કોઈ જરૂર નથી. મંત્રીમંડળની બેઠકમાં આવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેથી, કેબિનેટે પ્રતિબંધ હટાવવા માટે સૈદ્ધાંતિક રીતે સંમતિ આપી."બેઠકે ત્રણ નવી કૃષિ કોલેજોની સ્થાપનાને મંજૂરી આપી, જે હુઝુરનગર, કોડંગલ અને નિઝામાબાદમાં સ્થિત હશે. હૈદરાબાદ મેટ્રો રેલના વિસ્તરણ કાર્યને ઝડપી બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો.

નવી રેલ લિંક શિક્ષણ, આરોગ્યસંભાળ, રોજગાર અને બજારોની પહોંચમાં નોંધપાત્ર સુધારો કરશે તેવી અપેક્ષા

# નાગાલેન્ડની સતત પ્રગતિ : પૂર્વોત્તર સરહદી રેલ્વે દિમાપુર અને કોહિમા રેલ પ્રોજેક્ટ પર બાંધકામ કાર્ય ચાલુ કરાયુ

## મોલ્વોમ સ્ટેશનના કાર્યરત થવા સાથે, તે નાગાલેન્ડનું ત્રીજું મુખ્ય રેલ્વે સ્ટેશન બન્યું છે, અને તેણે સપ્ટેમ્બર ૨૦૨૫ માં માલવાહક કામગીરી પણ શરૂ કરી

। પ્રતિનિધિ, કોહિમા, તા.૨૯ ।

ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ દિમાપુર (ધનસિરી)-કોહિમા (ઝુબ્ઝા) નવી રેલ્વે લાઈન પ્રોજેક્ટ પર સતત પ્રગતિ કરી રહી છે, જે નાગાલેન્ડની રાજધાની કોહિમાને પ્રથમ વખત રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે. આ પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે.આ પ્રોજેક્ટ કુલ ૭૮.૪૨ કિલોમીટરની લંબાઈ ધરાવે છે, જે આસામના કાર્બી આંગલોંગ જિલ્લા અને નાગાલેન્ડના ચુમુકેદિમા અને કોહિમા જિલ્લાઓને આવરી લે છે. તેમાં આઠ સ્ટેશનો શામેલ છે - ધનસિરી, ધનસિરીપર, શોખુવી, મોલ્વોમ, ફેરીમા, પીફેમા, મેંગુઝુમા અને ઝુબ્ઝા, જેમાંથી ધનસિરી, શોખુવી અને મોલ્વોમ પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે. આ સંરેખણમાં જટિલ એન્જિનિયરિંગ



કાર્યોનો સમાવેશ થાય છે, જેમાં કુલ ૩૧,૧૬૯ મીટર લંબાઈની ૨૦ ટનલ અને ૨૭ મુખ્ય પુલ તેમજ ૧૪૯ નાના પુલનો સમાવેશ થાય છે, જેમાં આ માળખાના નોંધપાત્ર ભાગો પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે.

પ્રોજેક્ટના બે વિભાગો તબક્કાવાર કાર્યરત કરવામાં આવ્યા છે - ઓક્ટોબર ૨૦૨૧ માં ધનસિરી-શોખુવી વિભાગ (૧૬.૫ કિમી) અને માર્ચ ૨૦૨૫ માં શોખુવી-મોલ્વોમ વિભાગ (૧૪.૬૪ કિમી). હાલમાં, શોખુવીથી નિયમિત ટ્રેન સેવાઓ કાર્યરત છે, જે તેને આસામના ગુવાહાટી અને અરુણાચલ પ્રદેશના નાહરલાગુન સાથે જોડે છે, જે મુસાફરો માટે સરળ, સલામત અને વધુ વિશ્વસનીય મુસાફરી પૂરી પાડે છે. મોલ્વોમ સ્ટેશનના કાર્યરત થવા સાથે, તે નાગાલેન્ડનું ત્રીજું મુખ્ય રેલ્વે સ્ટેશન બન્યું છે, અને તેણે સપ્ટેમ્બર ૨૦૨૫ માં માલવાહક કામગીરી પણ શરૂ કરી હતી.

નવી રેલ લિંક શિક્ષણ, આરોગ્યસંભાળ, રોજગાર અને બજારોની પહોંચમાં નોંધપાત્ર સુધારો કરશે તેવી અપેક્ષા છે, જ્યારે આરામદાયક, સસ્તું અને સમય-કાર્યક્ષમ મુસાફરી વિકલ્પ પ્રદાન કરીને માર્ગ પરિવહન પર નિર્ભરતા ઘટાડશે. પ્રોજેક્ટના બાકીના ભાગો પર કામ હાલમાં પ્રગતિમાં છે, અને ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ ૨૦૨૯ સુધીમાં સમગ્ર દિમાપુર-કોહિમા (ઝુબ્ઝા) રેલ્વે લાઈન પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જે આ ક્ષેત્રના જોડાણ અને એકંદર વિકાસને વધારવામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે.

વંશવાદી રાજનીતિની ટીકા કરી

## કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ સમાપ્ત! શશી થરૂરની રાહુલ ગાંધી અને ખડગે સાથે બેઠક

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૯ ।

સંસદમાં ગુરુવારે કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને રાહુલ ગાંધી વચ્ચે એક સંક્ષિપ્ત પરંતુ ખૂબ જ મહત્ત્વપૂર્ણ મુલાકાત થઈ હતી. આ બેઠક બાદ થરૂરે હસતાં હસતાં કહ્યું કે, "બધું બરાબર જ છે." તેમના આ નિવેદને કોંગ્રેસની અંદર ચાલી રહેલા મતભેદો અને અસંતોષના સમાચારો પર વિરામ લગાવી દીધો છે. થરૂરે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથે થયેલી વાતચીતને ખૂબ જ રચનાત્મક અને સકારાત્મક ગણાવી હતી. તેમણે સ્પષ્ટતા કરી કે, હવે તેઓ અને પાર્ટી નેતૃત્વ એક જ વાત પર સંમત થયા છે.ગત થોડા મહિનાઓથી શશિ થરૂર અને કોંગ્રેસ નેતૃત્વ વચ્ચે તણાવના સમાચારો આવી રહ્યા હતા. થરૂરે જાહેર રીતે સ્વીકાર કર્યો હતો કે તેમના કેટલાક મુદ્દાઓ છે, જે તેઓ પાર્ટીના મંચ પર ઉઠાવવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેઓ ૧૭ વર્ષથી કોંગ્રેસમાં છે અને તેમણે ક્યારેય સંસદમાં પાર્ટીના વલણની અવહેલના કરી નથી.વિવાદની શરુઆત ત્યારે થઈ જ્યારે થરૂરે પાર્ટીની એક મહત્ત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેવાનું ટાળ્યું હતું. જો કે, તેમણે ત્યારબાદ સ્પષ્ટતા કરી કે, તેઓ એક સાહિત્ય ઉત્સવમાં ગયા હતા અને આ અંગે તેમણે પહેલા જ પાર્ટીને જાણ કરી દીધી હતી. ઉપરાંત, કોચીમાં પાર્ટીના એક કાર્યક્રમમાં તેમની સાથે થયેલા કથિત ખરાબ વ્યવહારના સમાચારો અંગે પણ તેમણે મૌન સેવ્યું હતું.પાર્ટીની અંદર અસલી બેચેની ત્યારે વધી જ્યારે ગત વર્ષે એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલા બાદ થરૂરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકટ પ્રબંધનના વખાણ કર્યા હતા. કોંગ્રેસના અનેક નેતાઓએ આ અંગે તીખી પ્રતિક્રિયા આપી હતી. ત્યારબાદ ભાજપે થરૂરને એક આંતર-સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા માટે આમંત્રિત કર્યા હતા. જેનો તેમણે સ્વીકાર પણ કર્યો હતો. આ દળમાં કોંગ્રેસના બીજા કોઈ નેતા નહોતા, જેના કારણે તેઓ ભાજપમાં જોડાશે તેવી અફવાઓ ઉડવા લાગી હતી.તણાવ ત્યારે વધુ વધ્યો જ્યારે થરૂરે વડાપ્રધાનના એક ભાષણના સોશિયલ મીડિયા પર વખાણ કર્યા અને 'ભારતીય રાજનીતિ એક પારિવારિક વ્યવસાય છે' શીર્ષક સાથે એક લેખ લખ્યો. આ લેખમાં તેમણે વંશવાદી રાજનીતિની ટીકા કરી હતી.

## ન્યૂઝ બ્રિફ



### સરકારે એસઆઇઆર સહિતના મુદ્દાઓ પર ચર્ચાની માંગ ફગાવી

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૯ ।

બુધવારથી શરૂ થઈ રહેલા સંસદનાં બજેટ સત્રમાં વીબી-જી આરએએમ જી એક્ટ અને એસઆઇઆર પર ચર્ચા કરવાની વિપક્ષની માંગણીઓને સરકારે મંગળવારે ફગાવી દીધી હતી.સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે આ બંને મુદ્દાઓ પર બંને ગૃહો દ્વારા ચર્ચા થઇ ગઇ છે અને અમે ફરીથી આ મુદ્દે ચર્ચા કરવા માંગતા નથી.રિજિજુએ આ ટિપ્પણી સંસદના બજેટ સત્રની પૂર્વસંધ્યાએ સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક પછી કરી હતી.બેઠક દરમિયાન કોંગ્રેસનાં જયરામ રમેશ અને સીપીઆઇ(એમ)ના જોન બ્રિટાસ સહિત વિપક્ષી સભ્યોએ સત્ર માટે સરકારી કામકાજની માહિતી ન આપવા બદલ પણ વાંધો ઉઠાવ્યો હતો. જે અંગે પ્રધાને જણાવ્યું હતું કે યોગ્ય સમયે આ માહિતી આપવામાં આવશે.સૂત્રોના જણાવ્યા અનુસાર વિપક્ષી સભ્યો મતદાર યાદીનું સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર), એમજીએનઆરઇજીએ યોજનાનું સ્થાન લેનાર રોજગાર ગેરંટી અંગેના વીબી-જી આરએએમ જી એક્ટ, અમેરિકા દ્વારા ભારત પર લગાવવામાં આવેલ ટેરિફ, વિદેશી નીતિના મુદ્દાઓ, વાયુ પ્રદૂષણનો મુદ્દો, અર્થતંત્રની સ્થિતિ, ઓછી ઉંમરના કિશોરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવા માંગતા હતાં. વીબી-જી આરએએમ જી એક્ટ અંગે વિપક્ષના વિરોધ અંગે પ્રધાને જણાવ્યું હતું કે એક વખત જો કોઇ કાયદો દેશ સામે આવે છે તો આપણે તેનું પાલન કરવાનું હોય છે.

### બુલેટ ટ્રેનનું કામ સ્થગિત,મહારાષ્ટ્રના પાલઘરમાં વિરોધ પ્રદર્શન;

। એજન્સી, મુંબઇ, તા.૨૯ ।

કેન્દ્ર સરકારના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ, મહારાષ્ટ્રના પાલઘરમાં સ્થાનિકો દ્વારા રાતોરાત ખોરવાઈ ગયું. પાલઘરના જલસર ગામના ગ્રામજનોએ મોડી રાત્રે બેરિકેડ ઉભા કરીને બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અસ્થાયી રૂપે અટકાવી દીધું.જલસરના ગ્રામજનોનો આરોપ છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કારણે તેમના ઘણા ઘરોને નુકસાન થયું છે, પરંતુ વહીવટીતંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યું નથી. તેમનો મુખ્ય ગુસ્સો એ હકીકતથી ઉદ્ભવે છે કે અસરગ્રસ્ત લોકોની યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે વળતર અને પુનર્વસન અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે.ગુસ્સે ભરાયેલા ગ્રામજનો આક્રમક બન્યા. ભારે વરસાદ વચ્ચે, ગ્રામજનોએ એક થઈને રાત્રે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ અટકાવી દીધું અને સ્થળ પર બેરિકેડ લગાવી દીધા. જોકે, કેલ્વા સાગર પોલીસ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી અને બેરિકેડ હટાવી દીધા, જેનાથી કામ ફરી શરૂ થયું.આ ઘટનાએ ફરી એકવાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે પાયાના સ્તરે વિરોધ ઉજાગર કર્યો છે. પાલઘર (મહારાષ્ટ્ર) જેવા વિસ્તારોમાં, જમીન સંપાદન અને ટનલિંગને કારણે મહારાષ્ટ્ર વિભાગ ગુજરાતથી પાછળ રહી ગયો છે.

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુને જીવતો સળગાવી હત્યા કરી દેવાઇ

। એજન્સી, ઢાકા, તા.૨૯ ।

બાંગ્લાદેશમાં હિન્દુની હત્યાનો વધુ એક મામલો સામે આવ્યો છે. ૨૩ વર્ષના હિન્દુ યુવક ચંચલ ચંદ્ર ભૌમિકની ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી છે. એવા અહેવાલો છે કે ચંચલને ગેરેજની અંદર જીવતો સળગાવીને મારી નાખવામાં આવ્યો છે. જે ગેરેજમાં તેનો મૃતદેહ મળી આવ્યો ત્યાં જ તે કામ કરતો અને રહેતો હતો. હિન્દુને જીવતા સળગાવીને મારી નાખવાની બે મહિનામાં આ બીજી ઘટના છે. પરિવારમાં એકમાત્ર કમાનારો વ્યક્તિ ચંચલ મૂળ બાંગ્લાદેશના કુમિલ્લા જિલ્લાના લક્ષ્મીપુર ગામનો રહેવાસી છે. છેલ્લા ઘણા વર્ષોથી તે નરસિંહ વિસ્તારમાં આવેલા એક ગેરેજમાં કામ કરતો હતો.

## યુજીસીના નવા નિયમોનો વિરોધ ભારે પડયો : બરેલીના મેજિસ્ટ્રેટ સસ્પેન્ડ

। એજન્સી, નવી દિલ્હી, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશ સરકારે બરેલીના સિટી મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીને તેમના રાજીનામા બાદ હવે સસ્પેન્ડ કરી દીધા છે. એક દિવસ અગાઉ જ અગ્નિહોત્રીએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના નવા કાયદાને પરત લેવાની માગ કરી હતી. સાથે જ પોસ્ટરમાં લખ્યું હતું કે શંકરાચાર્ય અને સંતોનું આ અપમાન સહન નહી કરી લેવાય. તેમણે પોસ્ટરમાં લખ્યું હતું કે યુજીસીનો કાળો કાયદો પરત લો. સિટી મેજિસ્ટ્રેટ અલંકારે પોતાના પદ પરથી રાજીનામાની જાહેરાત કરી હતી, સાથે જ તેમણે જિલ્લા પ્રશાસન અને જિલ્લા અધિકારી પર ગંભીર આરોપો લગાવ્યા હતા અને દાવો કર્યો હતો કે મને આ અધિકારીઓના ઘર પર બળજબરીથી ૪૫ મિનિટ સુધી બેસાડી રખાયો હતો. આ દરમિયાન કોઇનો ફોન આવ્યો હતો જેમાં તેણે બ્રાહ્મણો અંગે વાંધાજનક ટિપ્પણી કરી હતી. જ્યારે પ્રશાસનનો દાવો છે કે તેમના પર કોઇ પણ પ્રકારનું દબાણ નહોતું. અલંકાર દ્વારા રાજીનામુ આપવામાં આવ્યું તે બાદ સરકારે તેમને સસ્પેન્ડ કરી દીધા છે. તેમણે કહ્યું હતું કે યુજીસીના નવા નિયમો સામાન્ય વર્ગ, ખાસ કરીને સવર્ણ સમાજના બાળકોનું ભવિષ્ય ખતરામાં મુકી શકે છે. નિયમો મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ભૂમિહાર સમાજ જેવા સામાન્ય કેટેગરીના લોકોને ગુનેગાર જોવામાં આવી રહ્યા છે. વિવાદ વચ્ચે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે યુજીસીના નવા નિયમોથી કોઇની પણ સાથે ભેદભાવ નહીં થાય તેની હું ખાતરી આપું છું.

મોટો કાફલો મોકલ્યો | ઈઝરાયલ-ગાઝાપટ્ટીનું યુદ્ધ શાંત થયું ત્યાં હવે ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના ખાંડા ખખડવા લાગ્યા

# અમેરિકાના અબ્રાહમ લિંકન સામે ઇરાનના યુદ્ધજહાજ-ગાઝા ડ્રોન તૈનાત

। એજન્સી, તહેરાન, તા.૨૯ ।

મધ્યપૂર્વમાં એક યુદ્ધની વિનાશિકાઓની એક આગ બુઝાય છે ત્યાં બીજી પ્રગટી જાય છે. ઈઝરાયલ-ગાઝાપટ્ટીનું યુદ્ધ શાંત થયું ત્યાં હવે ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના ખાંડા ખખડવા લાગ્યા છે. અમેરિકાએ ઈરાન પર હુમલા માટે અબ્રાહમ લિંકન યુદ્ધજહાજના નેજા હેઠળ મોટો કાફલો મોકલ્યો છે તો ઈરાને યુદ્ધજહાજ અને ગાઝા ડ્રોન પણ તૈયાર રાખ્યા છે, જે વળતો પ્રહાર કરવા સક્ષમ છે.

અમેરિકાની હવે ઈરાન પર હુમલાની જાણે ઘડીઓ ગણાઈ રહી છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન તરફ વેનેઝુએલા મોકલવામાં આવેલા લશ્કરી બેડા કરતાં પણ વધુ મોટો કાફલો મોકલવામાં આવ્યો છે. અમેરિકન લશ્કરનો આ કાફલો જરૂર પડે ત્યારે અત્યંત ત્વરાથી પોતાના મિશનને અંજામ આપવામાં કોઈ સંકોચ નહીં કરે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે અમારી લશ્કરી તાકાત જોઈને ઈરાન ટૂંક સમયમાં સમાધાનના ટેબલ પર આવશે અને સંતુલિત સમાધાન માટે વાત કરશે. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે અને સ્થિતિ નિર્ણાયક તબક્કામાં છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે આ હુમલો જબરદસ્ત વિનાશક હશે. હાલમાં અબ્રાહમ લિંકન જહાજ અને તેની સાથેનો કાફલો ઈરાનથી ૭૦૦ કિ.મી. દૂર ઓમાન ખાતે છે. ઈરાને પણ ટ્રમ્પને જવાબ આપવાની તૈયારી કરી લીધી હોય તેમ ગાઝા ડ્રોન ગોઠવી દીધા છે. ઈરાનનું દરેક ગાઝા ડ્રોન આઠ લેસર ગાઈડેડ



મિસાઈલથી સજ્જ છે. ઈરાને ટ્રમ્પનો સામનો કરવા માટે આરબ દેશો સાથે ડિપ્લોમસી પણ તેજ કરી દીધી છે. તેના પગલે સાઉદી અરેબિયા અને યુએઈએ જણાવ્યું છે કે તેઓ ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકાને પોતાની જમીન અને એરસ્પેસનો ઉપયોગ નહીં કરવા દે. ઈજિપ્તે પણ ઈરાનને સમર્થન કર્યું છે. જ્યારે કતાર ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ ન થાય તે માટે રાજકીય ઉકેલ લાવવા સક્રિય થઈ ગયું છે. ઈરાને કતારને સ્પષ્ટ જણાવી દીધું છે કે લશ્કરી ધમકીઓ દ્વારા કૂટનીતિ ન તો અસરકારક નીવડે છે કે અસરકારક નીવડે છે. આમ તાકાતવર મુસ્લિમ દેશો પણ મધ્યપૂર્વ ફરી પાછુ યુદ્ધના ભડકામાં હોમાય તેમ ઈચ્છતા નથી.

ઈરાનમાં ૨૮મી ડિસેમ્બરથી શરુ થયેલા દેખાવો પછી ઈરાનના લશ્કરે દેખાવકારો સામે આકરી કાર્યવાહી કરી મોતને ઘાટ ઉતારવા લાગતા ટ્રમ્પ ભડક્યા છે. સત્તાવાર આંકડા મુજબ ૬૧૦૦થી પણ વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. ઈરાનનું સરકારી મીડિયા તો ૩૧૧૭ના મૃત્યુનો જ દાવો કરે છે. હજી પણ ઈરાનની આંતરિક સ્થિતિ તો સળગેલી જ છે. ટ્રમ્પ આ સ્થિતિનો ઉપયોગ કરીને ઈરાનના ખામેનેઈને સત્તા પરથી દૂર કરવા માંગે છે. તે ઈરાનમાં અમેરિકા સમર્થક શાહ રઝા પહલવીને બેસાડવા આતુર છે.

મધ્યપ્રદેશમાં માટીના ઘરોમાં હોમસ્ટે : પ્રવાસીઓ હવે મોટી હોટલોને બદલે ગામડાઓમાં બનેલા માટીના મકાનોમાં હોમસ્ટે પસંદ કરી રહ્યા છે

# દેશી ભોજન, લીલોતરી અને પરમ શાંતિ : મધ્યપ્રદેશમાં હોમસ્ટેમાં રોકાવા સાથે બનાવો ફરવાનો પ્લાન

**રૂા.૨,૦૦૦ થી શરૂ થતા પેકેજો : ભોજનમાં ચૂલા પર રાંધેલી ગરમ રોટલી, ચોખાની ખીર જેવા સ્વાદિષ્ટ ભોજનથી પ્રવાસીઓ પ્રભાવિત : ગુજરાત અને રાજસ્થાન પ્રવાસીઓ માટે હોમ સ્ટે પહેલી પસંદગી બન્યું**

। પ્રતિનિધિ, ઈન્દોર, ૨૯।

જો તમે કુદરતની વચ્ચે તમારું વેકેશન વિતાવવા માંગતા હો અથવા જંગલો અને પર્વતોથી ઘેરાયેલા ગામમાં રાત્રિ રોકાણની યોજના બનાવો છો, તો હવે તમારા માટે મધ્ય પ્રદેશના ગામોમાં હોમસ્ટે તૈયાર છે. માટીના ઘરો, ચૂલા પર રાંધેલી ગરમ રોટલી અને ચણાની કઢી. બળદગાડાની સવારી અને ડેમ પર બોટિંગ પણ ઉપલબ્ધ છે. જો તમે તમારી રજાઓ કુદરતની વચ્ચે વિતાવવા માંગતા હો અથવા જંગલો અને પર્વતોથી ઘેરાયેલા ગામમાં રાત્રિ રોકાણની યોજના બનાવવા માંગતા હો, તો મધ્ય પ્રદેશના ગામમાં જ તમારા માટે હોમસ્ટે તૈયાર છે. કચ્ચા ઘરો, ગરમ રોટલી અને ચણાની કઢી, ચૂલા પર રાંધેલા બળદગાડાની સવારી અને ડેમમાં બોટિંગ સાથે. ગુજરાત અને રાજસ્થાન પ્રવાસીઓ માટે હોમ સ્ટે પહેલી પસંદગી બન્યું છે.મધ્ય પ્રદેશમાં આવા ૨૪૧ હોમસ્ટે છે જ્યાં તમે રાત્રિ રોકાણ કરી શકો છો, સાથે સાથે પ્રકૃતિનો નજીકથી નજારો પણ માણી શકો છો.

પેકેજ ૨,૦૦૦ થી શરૂ થાય છે. પન્ના, ઓરચા, છતરપુર, મંડલા, ડિંડોરી, દેવાસ, સિહોર, ખંડવા અને બાલાઘાટ સહિત અનેક જિલ્લાઓમાં ૧૨૧ પ્રવાસી ગામો છે, જ્યાં ૨૪૧ હોમસ્ટે બનાવવામાં આવ્યા છે. આગામી એક કે બે વર્ષમાં આ સંખ્યા ચાર ગણી વધારીને ૧,૦૦૦ કરવાનો લક્ષ્યાંક છે. આ હોમસ્ટેએ શહેરી પ્રવાસીઓનો ગામડાઓ તરફનો ઝુકાવ પણ વધાર્યો છે. તેઓ ગામડાની સંસ્કૃતિને નજીકથી જાણી રહ્યા છે.આ જ કારણ છે કે પ્રવાસીઓ હવે મોટી હોટલોને બદલે ગામડાઓમાં બનેલા માટીના મકાનોમાં હોમસ્ટે પસંદ કરી રહ્યા છે. જો તમે કુદરતની વચ્ચે તમારું વેકેશન વિતાવવા માંગતા હો અથવા જંગલો અને પર્વતોથી ઘેરાયેલા ગામમાં રાત્રિ રોકાણની યોજના બનાવો છો, તો હવે તમારા માટે મધ્ય પ્રદેશના ગામોમાં હોમસ્ટે તૈયાર છે. માટીના ઘરો, ચૂલા પર રાંધેલી ગરમ રોટલી અને ચણાની કઢી. બળદગાડાની સવારી અને ડેમ પર બોટિંગ પણ ઉપલબ્ધ છે. જો તમે તમારી રજાઓ કુદરતની વચ્ચે વિતાવવા માંગતા હો અથવા જંગલો અને પર્વતોથી ઘેરાયેલા ગામમાં રાત્રિ રોકાણની યોજના બનાવવા માંગતા હો, તો મધ્ય પ્રદેશના ગામમાં જ તમારા માટે હોમસ્ટે તૈયાર છે. કચ્ચા ઘરો, ગરમ રોટલી અને ચણાની કઢી, ચૂલા પર રાંધેલા બળદગાડાની સવારી અને ડેમમાં બોટિંગ સાથે. ગુજરાત અને રાજસ્થાન પ્રવાસીઓ માટે હોમ સ્ટે પહેલી પસંદગી બન્યું છે.મધ્ય પ્રદેશમાં આવા ૨૪૧ હોમસ્ટે છે જ્યાં તમે રાત્રિ રોકાણ કરી શકો છો, સાથે સાથે પ્રકૃતિનો નજીકથી નજારો પણ માણી શકો છો. બળદગાડા, કેમેરા અને જિપ્સી ઓપરેટરોને પણ રોજગાર મળ્યો છે.

## મધ્યપ્રદેશમાં આવા ૨૪૧ હોમસ્ટે છે, જ્યાં તમે ગામડાના જીવનનો અનુભવ કરી શકો છો.







મોટાભાગના હોમસ્ટેનો હવાલો મહિલાઓ સંભાળે છે. ગ્રામીણ પ્રવાસનથી મહિલાઓ માટે રોજગારની નવી તકો પૂરી પડી છે. ઘણી મહિલાઓ હવે પોતાના હોમસ્ટે ચલાવી રહી છે, જ્યાં તેઓ રસોઈ બનાવે છે, મહેમાનોને માર્ગદર્શન આપે છે અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. ઉદાહરણ તરીકે, બાલાઘાટ જિલ્લામાં ગોંડ આદિવાસી બહુમતી ધરાવતા ગામોમાં, મહિલા જૂથોએ હોમસ્ટે ચલાવવાનું શરૂ કર્યું છે, જેનાથી દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા સુધીની આવક થાય છે. આ પ્રોજેક્ટ ખાસ કરીને એવા જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે જ્યાં હાલમાં ઓછી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે દેવગઢની કવિતા સાથે પણ વાત કરી. તેમણે એ પણ શીખ્યા કે તે પોતાના હોમસ્ટેનું સંચાલન કેવી રીતે કરે છે.




## મહિને ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ રૂપિયા કમાતા પરિવારો



ગામડાઓમાં પ્રવાસીઓ માટે હોમસ્ટે આવકનો સ્રોત બની ગયા છે. સરેરાશ, એક પરિવાર મહિને ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ રૂપિયા કમાઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં, ૨૪,૦૦૦ થી વધુ પ્રવાસીઓએ સ્થાનિક જીવનશૈલી અને ભોજનનો અનુભવ કર્યો છે. આ પહેલ માત્ર ગ્રામીણ અર્થતંત્રને વેગ આપી રહી નથી પરંતુ મહિલાઓ, યુવાનો અને આદિવાસી સમુદાયોને રોજગાર અને ઓળખ પણ આપી રહી છે. પન્નાના જાનવરમાં ૧૦ હોમસ્ટે અને એક સ્કેટ પાર્ક. પન્નાના જાનવરમાં ઘણા પરિવારો હોમસ્ટે ચલાવી રહ્યા છે. આ ગામના રહેવાસી બ્રિજેન્દ્ર યાદવે સમજાવ્યું કે ગામમાં ૧૦ હોમસ્ટે છે. એક સ્કેટ પાર્ક છે, જે સમગ્ર દેશમાં પ્રખ્યાત છે, અને પન્ના ટાઈગર રિઝર્વ પણ નજીકમાં છે. તેથી, મોટી હોટલોને પાછળ છોડીને પ્રવાસીઓ અહીં રહેવા માટે આવે છે. પરિવારના સભ્યો આતિથ્ય આપે છે અને તેમને ફક્ત ચૂલા પર રાંધેલી રોટલી ખવડાવે છે. કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન નજીક ઈકો-હોમસ્ટે ચલાવતા લોકેશ ડોંગરેએ સમજાવ્યું કે આખું હોમસ્ટે એક ઈકો-હોમસ્ટે છે. પ્રવાસીઓ માટે એવું વાતાવરણ બનાવવામાં આવ્યું છે જે તેમને ગામડાની સંસ્કૃતિમાં ડૂબાડી દે છે. હોમસ્ટેમાં એર કન્ડીશનીંગ નથી, પરંતુ અંદરનું તાપમાન બહાર કરતા ૫ થી ૬ ડિગ્રી ઓછું રહે છે. દર મહિને ૫૦ થી વધુ પરિવારો અને વિદેશી પ્રવાસીઓ મુલાકાત લે છે. વિવિધ પેકેજો ઉપલબ્ધ છે. અન્ય એક હોમસ્ટે ઓપરેટરે સમજાવ્યું કે છતરપુરના પ્રવાસી ગામ ધામણામાં નવ હોમસ્ટે છે.







## પન્ના, ઓરચા, છતરપુર, મંડલા, ડિંડોરી, દેવાસ, સિહોર, ખંડવા અને બાલાઘાટ સહિત અનેક જિલ્લાઓમાં ૧૨૧ પ્રવાસી ગામો







પન્ના, ઓરચા, છતરપુર, મંડલા, ડિંડોરી, દેવાસ, સિહોર, ખંડવા અને બાલાઘાટ સહિત અનેક જિલ્લાઓમાં ૧૨૧ પ્રવાસી ગામો છે, જ્યાં ૨૪૧ હોમસ્ટે બનાવવામાં આવ્યા છે. આગામી એક કે બે વર્ષમાં આ સંખ્યા ચાર ગણી વધારીને ૧,૦૦૦ કરવાનો લક્ષ્યાંક છે. આ હોમસ્ટેએ શહેરી પ્રવાસીઓનો ગામડાઓ તરફનો ઝુકાવ પણ વધાર્યો છે. તેઓ ગામડાની સંસ્કૃતિને નજીકથી જાણી રહ્યા છે.આ જ કારણ છે કે પ્રવાસીઓ હવે મોટી હોટલોને બદલે ગામડાઓમાં બનેલા માટીના મકાનોમાં હોમસ્ટે પસંદ કરી રહ્યા છે. જો તમે કુદરતની વચ્ચે તમારું વેકેશન વિતાવવા માંગતા હો અથવા જંગલો અને પર્વતોથી ઘેરાયેલા ગામમાં રાત્રિ રોકાણની યોજના બનાવો છો, તો હવે તમારા માટે મધ્ય પ્રદેશના ગામોમાં હોમસ્ટે તૈયાર છે. માટીના ઘરો, ચૂલા પર રાંધેલી ગરમ રોટલી અને ચણાની કઢી. ખજુરાહો ૧૫ કિમી દૂર છે, અને ત્યાં બે કે ત્રણ ધોધ અને પન્ના ટાઈગર રિઝર્વ છે. ગામમાં ૨૦૧૮ માં હોમસ્ટે કાર્યરત થયા હતા. નવા હોમસ્ટે હજુ પણ બનાવવામાં આવી રહ્યા છે. બળદગાડા, કેમેરા અને જિપ્સી ઓપરેટરોને પણ રોજગાર મળ્યો છે.

# જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરની દેવરા ટુ બંધ નથી થઈ

। એજન્સી, મુંબઈ, ૨૯।

જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા'નો બીજો ભાગ બનશે તેવું તેના નિર્માતાએ કન્ફર્મ કર્યુ છે. આ ફિલ્મ બે ભાગમાં રીલિઝ કરાશે તેવી જાહેરાત કરાઈ હતી. જોકે, ફિલ્મ 'દેવરા ૨૦૨૪' રીલિઝ થયા બાદ ફલોપ થઈ હતી. તે પછી તેના બીજા ભાગ વિશે કોઈ જ આવ્યું ન હતું. આથી 'દેવરા પાર્ટ ટ્' ડબ્બામાં બંધ થઈ ગઈ હોવાની અટકળો ચાલી હતી. પરંતુ હવે ફિલ્મસર્જકે સ્પષ્ટતા કરી છે કે,' દેવરા પાર્ટ ટુ 'ચોક્કસ બનશે. ૨૦૨૭માં આ ફિલ્મ પર કામ શરુ થશે. 'દેવરા' ફિલ્મ એક સમુદ્રી ડાકુ પર આધારિત હતી. આ ફિલ્મમાં જુનિયરએનટીઆર ડબલ રોલમાં હતો. અને સૈફઅલી ખાનની પણ મહત્વની ભૂમિકા હતી. ફિલ્મમાં જાહ્નવીનું સોંગ વાયરલ થયું હતું. જોકે, ફિલ્મ બહુ નબળી બની હોવાની ટીકા થઈ હતી. જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા'નો બીજો ભાગ બનશે તેવું તેના નિર્માતાએ કન્ફર્મ કર્યું છે. આ ફિલ્મ બે ભાગમાં રીલિઝ કરાશે તેવી જાહેરાત કરાઈ હતી. જોકે, ફિલ્મ 'દેવરા ૨૦૨૪' રીલિઝ થયા બાદ ફલોપ થઈ હતી. તે પછી તેના બીજા ભાગ વિશે કોઈ જ આવ્યું ન હતું. આથી 'દેવરા પાર્ટ ટ્' ડબ્બામાં બંધ થઈ ગઈ હોવાની અટકળો ચાલી હતી. પરંતુ હવે ફિલ્મસર્જકે સ્પષ્ટતા કરી છે કે,' દેવરા પ ાર્ટ ટુ 'ચોક્કસ બનશે.

# મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાન ફરી કોઈ પ્રોજેક્ટમાં સાથે આવશે । બંનેની સાથે તસવીર વાયરલ થતાં ચર્ચા

। એજન્સી, મુંબઈ, તા.૨૯ ।

મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાનની એક તસવીર વાયરલ થઈ છે. તેના પરથી બન્ને ફરી સાથે કામ કરશે તેવી અટકળ થઈ રહી છે. વાયરલ થયેલી તસવીરમાં બન્ને જણા એક છત્રી પકડીને સાથે જોવા મળ્યા હતા. આ પરથી લોકોમાં અટકળો શરુ થઈ છે કે આ જોડી 'સીતા રામન ટ્'માં સાથે જોવા મળશે કે પછી કોઈ નવા પ્રોજેક્ટ માટે ભેગા થયા છે ? સાથેસાથે અફવા એવી પણ છે કે, મૃણાલ અને દુલકર એક નવા પ્રોજેક્ટમાં સાથે જોવા મળશે જે એક સાયન્સ ફિકશન થ્રિલર હશે. જોકે હજી સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મૃણાલને એક પછી એક નવા પ્રોજેક્ટ મળી રહ્યા છે. રામ ચરણની ફિલ્મ 'પેડ્ડી'ના એક આઈટમ સોન્ગ માટે તેને ફાઈનલ કરવાની ચર્ચા છે. આ સોન્ગ માટે રશ્મિકા મંદાનાને ઓફર આપવામાં આવી હતી જે તેણે સ્વીકારી નહોતી. તેથી આ ગીત માટે મૃણાલ ઠાકુરનું નામ ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે, 'સીતા રામન' ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. જેમાં આ જોડીએ કામ કર્યું હતું. તેથી ફરી તેઓ આ ફિલ્મની સીકવલ માટે સાથે આવી રહ્યા હોવાની અટકળ થઈ રહી છે. જોકે સીતા રામનના નિર્માતા વિજયંતી મૂવીઝે હાલ આ ફિલ્મની સીકવલની કોઈ યોજના કરી ન હોવાની જાણકારી છે. થોડા દિવસો પહેલા મૃણાલ ઠાકુરે જણાવ્યું હતુ ંકે, ત એક તેલુગુ ફિલમ પર કામ કરી રહી હોવાથી ત વારંવાર હૈદરાબાદ જઈ રહી છે. મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાનની એક તસવીર વાયરલ થઈ છે. તેના પરથી બન્ને ફરી સાથે કામ કરશે તેવી અટકળ થઈ રહી છે. વાયરલ થયેલી તસવીરમાં બન્ને જણા એક છત્રી પકડીને સાથે જોવા મળ્યા હતા. આ પરથી લોકોમાં અટકળો શરુ થઈ છે.

**ભારત અને અમેરિકા વચ્ચે વાતચીત આગળ** | **ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરાર અંગેની વાતચીતમાં 'ખૂબ મહત્વપૂર્ણ' પ્રગતિ થઈ છે અને બંને પક્ષો તેને અંતિમ ઓપ આપવાની નજીક**

# ભારતને વધુ એક ગુડ ન્યૂઝ મળશે । ઇયુ બાદ અમેરિકા સાથે 'બિગ ડીલ' ની નજીક પહોંચ્યું

। એજન્સી, નવી દિલ્હી, તા,૨૯ ।

યુરોપિયન યુનિયન (ઈયુ) સાથે મધર ઓફ ડીલ્સ બાદ હવે ભારતને અમેરિકાથી પણ ગુડ ન્યૂઝ મળી શકે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપ ાર કરાર અંગેની વાતચીતમાં 'ખૂબ મહત્વપૂર્ણ' પ્રગતિ થઈ છે અને બંને પ ક્ષો તેને અંતિમ ઓપ આપવાની નજીક છે. જોકે, સરકારે આ અંગે ઓફિશિયલી કોઈ માહિતી નથી આપી.એક અહેવાલ પ્રમાણે સત્તાવાર સૂત્રોએ બુધવારે ભારત અને અમેરિકા વચ્ચે વાતચીત આગળ વધવાની જાણકારી આપી છે. સૂત્રોએ જણાવ્યું કે, યુરોપિયન યુનિયન (ઈયુ) સાથે ફ્રી ટ્રેડ ડીલ (એફટીએ) અંતિમ



તબક્કામાં પહોંચવા દરમિયાન પણ ભારતે અમેરિકા સાથે વાટાઘાટોની ગતિ જાળવી રાખી હતી.

સૂત્રોએ કહ્યું કે, 'ભારત-ઈયુ એફટીએને અમેરિકા સાથેના વેપાર સંબંધોની વર્તમાન સ્થિતિના વિકલ્પ તરીકે ન જોવું જોઈએ, કારણ કે ભારતીય નિકાસકારો માટે અમેરિકન બજાર પણ એટલું જ મહત્વપૂર્ણ છે. અમેરિકા સાથેના પ્રસ્તાવિત વેપાર કરાર પર વાટાઘાટોમાં 'ખૂબ મહત્વપૂર્ણ' પ્રગતિ થઈ છે અને બંને પક્ષો સકારાત્મક પરિણામની આશા રાખી રહ્યા છે. આ દિશામાં પ્રયાસો ચાલુ છે. અમને વાટાઘાટોના સકારાત્મક પરિણામની આશા છે.'ભારત અને અમેરિકા વચ્ચે ગત વર્ષે દ્વિપક્ષીય વેપ ાર કરાર પર અનેક તબક્કાની વાટાઘાટો થઈ હતી, પરંતુ ઓગસ્ટમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય ઉત્પ ાદનો પર ૫૦% સુધીના ટેરિફ લાદવામાં આવ્યા બાદ વાટાઘાટો અટકી ગઈ હતી. જેમાં રશિયન તેલ ખરીદી પર ૨૫% પેનલ ડ્યુટી પણ સામેલ હતી. ઈમિગ્રેશન નીતિ અને અન્ય મુદ્દાઓ પર પણ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ જોવા મળ્યો.

ભારત અને ઈયુ વચ્ચે એફટીએ થયા બાદ એવી ધારણા બની છે કે આ અમેરિકન ટેરિફ નીતિના જવાબમાં ઉઠાવવામાં આવેલું પગલું છે. જો કે, સૂત્રોએ તેને નકારી કાઢતા કહ્યું કે, 'આ કરાર બંને પક્ષોના પરસ્પર હિત અને લાભના આધાર પર કરવામાં આવ્યો છે. સૂત્રોએ કહ્યું કે, ભારત રોજગારીનું સર્જન કરવા અને ઉત્પાદનને વેગ આપવા માટે યુએસ અને યુરોપ બંનેમાં નિકાસ વધારવા માંગે છે.'પ્રાપ્ત માહિતી પ્રમાણે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતા અઠવાડિયે મહત્ત્વપૂર્ણ ખનિજ સંબંધિત બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકાના પ્રવાસે જાય તેવી શક્યતા છે. આ બેઠક ૪ ફેબ્રુઆરીના રોજ વોશિંગ્ટનમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોની યજમાનીમાં થશે.

**વર્ષ ૩૧ મે ૨૦૨૭ સુધી નવી એચ-૧બીબી વિઝાધારકોની અરજી અટકાવે**

**અમેરિકામાં વસતા ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ પર ત્રાટકનારા ટ્રમ્પ તંત્રએ હવે કાયદેસર રીતે રહેતા એચ-૧બી ધારકોને લક્ષ્યાંક બનાવવા માંડયા**

# ટ્રમ્પ સરકારે ટેક્સાસમાં એચ-૧બી વિઝા ઉપર પ્રતિબંધ મૂક્યો । ભારતીયોને પડશે મોટો ફટકો

। એજન્સી , વોશિંગ્ટન, તા.૨૯।

અમેરિકામાં વસતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર ત્રાટકનારા ટ્રમ્પ તંત્રએ હવે કાયદેસર રીતે રહેતા એચ-૧બીબીધારકોને લક્ષ્યાંક બનાવવા માંડયા છે. તેથી જ રિપબ્લિકન શાસિત ટેક્સાસના ગવર્નરે બહાર પાડેલા નવા આદેશમાં બધી પબ્લિક અને સ્ટેટ યુનિવર્સિટીઓને જણાવ્યું છે કે તે આગામી વર્ષ ૩૧ મે ૨૦૨૭ સુધી નવી એચ-૧બીબી વિઝાધારકોની અરજી અટકાવે. ફક્ત એટલું જ નહીં આ બધી જ સ્ટેટ યુનિવર્સિટીઓ અને પબ્લિક યુનિવર્સિટીઓ જણાવે છે કે તેમને ત્યાં કેટલા એચ-૧બીબી વિઝાધારક કામ કરી રહ્યા છે. તેઓ કયા દેશના છે અને તેમની વિઝા એક્સપાયરી કઈ છે અને તેમને વિઝા લંબાવી આપવામાં આવ્યા તો કયા કારણથી લંબાવી આપ વામાં આવ્યા છે. ટેક્સાસ માં લેવામાં આવનારા આ પગલાંથી ભારતીયોને સૌથી વધુ અસર થશે તેમ માનવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો પબ્લિક અને સ્ટેટ યુનિવર્સિટીઓમાં ડલ્લાસમાં આવેલા ટેક્સાસ સાઉથવેસ્ટર્ન મેડિકલ સેન્ટરમાં ૨૨૮ એચ-૧બીબી વિઝાધારક છે. આ જ રીતે ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી ઈન કોલેજ સ્ટેશનમાં ૨૧૪, ટેક્સાસ




એમડી એન્ડરસનન કેન્સર સેન્ટરમાં ૧૭૧, યુનિવર્સિટી ઓફ ટેક્સાસ એટ ઓસ્ટિનમાં ૧૬૯ અને ટેક્સાસ ટેક યુનિવર્સિટીમાં ૧૪૩ એચ-૧બીબી વિઝાધારકો છે. આ પ્રકારનું રિપોર્ટિંગ બીજી યુનિવર્સિટીઓએ પણ કરવું પડશે. આ પ્રતિબંધનો સીધો અર્થ એમ થયો કે ટેક્સાસમાં કોઈપણ પબ્લિક કે સ્ટેટ યુનિવર્સિટી તેને ત્યાં ગમે તે શૈક્ષણિક કાર્યક્રમ માટે આગામી ૩૧ મે ૨૦૨૭ સુધી કોઈપણ એચ-૧બીબી વિઝાધારકની ભરતી નહીં કરી શકે. સ્વાભાવિક રીતે સરકારી યુનિવર્સિટીઓની રાહે પછી ખાનગી યુનિવર્સિટીઓ પણ ચાલશે. ટેક્સસાના ગવર્નરે તેના આદેશમાં જણાવ્યું હતું કે એકમાત્ર અપવાદ ટેક્સાસ વર્કફોર્સ કમિશન દ્વારા જો કોઈને મંજૂરી આપવામાં આવી હોય તો તેને છૂટ આપવામાં આવશે તેમ જણાવાયું છે.એબોટે જણાવ્યું હતું કે ફેડરલ ગવર્નમેન્ટ ઈચ્છે છે કે અમેરિકન જોબ્સ પહેલા અમેરિકનોને મળે. એચ-૧બીબી ધારકને નોકરી પર રાખનારી સંસ્થાઓએ તે કયા હોદ્દા પર છે, તેને કેમ લેવામાં આવ્યો છે, તેની તર્કબદ્ધ સમજૂતી સાથે બધી માહિતી આપવી પડશે. કઈ-કઈ જોબ્સ માટે અમેરિકન નથી, જેથી એચ-૧બીબી ધારકને લેવા પડયા તે જણાવવું પડશે. એચ-૧બીબી વિઝાનો સૌથી વધુ લાભ મેળવતા હોય તો તે ભારતીયો છે. અગાઉના વર્ષે એચ-૧બીબીના કુલ ક્વોટામાં ૭૧ ટકા ભારતીયોની ભરતી કરવામાં આવી હતી અને પછીના ક્રમે ચીન આવે છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya